**UNITED INTERNATIONAL** ✞ **AMERICAN CHRISTIAN NEWS**

**GUJAJARATI CHRISTIAN SOCIETY** ✞ **અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ**

**NEW YORK & NEW JERSEY** ✞ **FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN**

Phone # (732) 855-0596 ╫ email:jospausa@yahoo.com ✞ **EDITOR: JOSEPH PARMAR**

*(A NOT-FOR-PROFIT ORGANIZATION)* ✞ ISSUE–1O2 YEAR–33, July-August-2012



**તંત્રીની કલમે આ પત્ર...** સૌપ્રથમ સૌ વાચકોને 4 જુલાઈના "Happy Independent Day!" અને ઑગસ્ટ 15ના ભારતના "આઝાદ દિન"ની હાર્દિક શુભેચ્છા! બસ, ભારતીયો દેશમાં કે વિદેશમાં વસવાટ કરતા હોય, એકતા જાળવીને દેશને ગૌરવ અપાવે તેવી અપેક્ષા!

સુખ-સમૃધ્ધિના દેશ એવા અમેરિકામાં આપણને સ્પૉન્સર કરીને "ગ્રીનકાર્ડ" અપાવનાર બ્લડ રીલેશનના સંબંધીઓ સાથે અહીં આવ્યા પછી મીઠાશ ઓછી થતી જાય છે. વળી જો પોતાનાં 21 વર્ષથી મોટી ઉંમરના દીકરા કે દીકરીને વિઝા ન મળ્યા હોય તો તેનો દોષ 'સ્પૉન્સર' કરનારનો ગણે, "કોણ જાણે કેવાં પેપર મોકલ્યાં કે મારો દીકરો-દીકરીને વિઝા ન મળ્યા." આવું વિચારનારને અમેરિકાના વિઝા સંબંધી કાયદાની સમજ નથી હોતી. અમેરિકાના કાયદા મુજબ માતાપિતાનાં 21 વર્ષથી વધુ ઉંમરનાં સંતાનો માબાપ સાથે 'ફેમિલી'માં ગણાતાં નથી, 21 વર્ષથી વધુ ઉંમરનું સંતાન એક અલગ સિંગલ ફેમિલી ગણાય છે. હા, અમેરિકાની વિઝા પોલીસી ઉદાર હોવાથી "ચાઈલ્ડ પ્રોટેક્શન એક્ટ" મુજબ અમેરિકન સીટિઝન થયેલા સગાએ કરેલી 'પિટીશન' કઈ તારીખે કરી હતી અને તે કઈ તારીખે 'પ્રાયોરિટી ડેટ' સાથેની નોટીસથી 'પિટીશન' કરનારને મળી, તેના આધારે માબાપનાં 21 વર્ષથી વધુ ઉંમરનાં અપરણિત સંતાન વિઝા ઈન્ટરવ્યુની તારીખે 21 વર્ષથી વધુ ઉંમર હોવા છતાં 21 વર્ષ સુધીની ઉંમરનાં ગણીને વિઝા મેળવી શકે છે. આ નિયમ કાનૂની સમજ માગી લે છે, તેથી જેનાં 21 વર્ષથી વધુ ઉંમરનાં અપરણિત સંતાનને વિઝા ન મળ્યા હોય તે 'સ્પૉન્સર' કરનારનો વાંક કાઢે તે બરાબર નથી.

માબાપ સાથે 21 વર્ષથી વધુ ઉંમરનાં અપરણિત સંતાનને વિઝા ન મળ્યો હોય તેઓને અમેરિકામાં બોલાવવા 'ગ્રીનકાર્ડધાર્ક' અમેરિકામાં આવ્યા પછી બેત્રણ દિવસમાં ક પિટીશન-I-130 ફાઈલ કરી શકે છે. પરણેલાં સંતાનની "ગ્રીનકાર્ડધારક પિટીશન ફાઈલ કરી શકતા નથી.

નવા 'ઈમિગ્રાન્ટ'ને અમેરિકામાં આવ્યા પછી પોતાની લાઈનની જોબ ન મળે તેમાં પણ 'સ્પૉન્સર' કરનારને દોષિત માનતા હોય છે. ઈન્ડિયાની કોલેજ ડિગ્રી કે અન્ય ઉચ્ચ વ્યવસાયિક સર્ટિફિકેટ હોવા છતાં અમેરિકામાં એ ડિગ્રી કે સર્ટિફિકેટનું મૂલ્યાંકન કરાવી અહીં રજિસ્ટ્રેશન ન થાય ત્યાં સુધી લાઈનની જોબ મળવી મુશ્કેલ છે. ઈન્ડિયાનો વ્યાસાયિક દરજ્જો ગમે તેટલો ઊંચો હોય, અમેરિકામાં નવા 'ગ્રીનકાર્ડ" ધરાવનારે કોઈપણ જોબ શરૂ કરીને આવક રળવી જરૂરી છે. 'સ્પૉન્સર' કરનારની જવાબદારી નથી હોતી કે, તેમને લાઈનની જોબ અપાવે. આવક મેળવવા કોઈ જોબ શરૂ કરવાથી નવા ગ્રીનકાર્ડધારકને 5 વર્ષ સુધી નિભાવવાની 'સ્પૉન્સર' કરનારની જવાબદારી હળવી થઈ શકે, તેની જાણ નવા નવા ગ્રીનકાર્ડધારકને હોતી નથી. કોઈપણ જોબ શરૂ કરવાથી જોબનો અનુભવ થાય, નવી જાણકારી મળે, અને જે કંપનીમાં જોબ મળી હોય, ત્યાં જ ઊંચી પોસ્ટ મળવાની શકયા હોઈ શકે!

જોબ મળ્યા પછી જોબ પર જવા-આવવા માટેની વ્યવસ્થા પણ 'સ્પૉન્સર' કરનાર કરી આપે તેવી અપેક્ષા પણ બરાબર નથી. જોબ પર જવા અને આવવાના ટાઈમ અને 8 કલાક જોબા કરવામાં થનાર શ્રમ-મહેનત માટે પણ 'સ્પૉન્સર' કરનારને જવાબદાર ગણીને નવા "ગ્રીનકાર્ડ" ધરાવનાર દુ:ખી થતા હોય છે. અને આમ ઉપર જણાવેલી અને બીજી ઘણી બાબતો સંબંધો તૂટી જાય તેવા નાજુક તબક્કે પહોંચી જતા હોય છે. નવા આવનારને લાગે કે, અમેરિકામાં આવીને મોટી ભૂલ કરી છે, જ્યારે 'સ્પૉન્સર' કરનારને લાગે કે સગાંને અમેરિકામાં ન બોલાવ્યા હોત તો સારું! 'સ્પૉન્સર' કરનાર અને નવા ઈમિગ્રાન્ટ એમ બંને તટસ્થ રીતે વિચારતા નથી. નવા ઈમિગ્રાન્ટને તો મનમાં થાય કે, ક્યારે પૈસા ભેગા થાય અને ક્યારે જલ્દી જલ્દી ઈન્ડિયા ભેગા થઈ જવાય! 'સ્પૉન્સર' કરનારને મનમાં થાય કે, શરૂઆતમાં કઠણ લાગશે પણ વહેલામોડા ધીરે ધીરે અમેરિકામાં 'સેટ' થઈ જશે અને અમેરિકામા6 રહેવાનું ગમશે! અને એ બાબત પણ તદન સાચી! આટલી બાબત નવા ઈમિગ્રાન્ટ વિગતો જણાવ્યા બાદ 'સ્પૉન્સર કરનાર પણ બધા જ  નવા ઈમિગ્રાન્ટ સાથે સજ્જનતાથી વર્તતા નથી. એક જ પાસાની વાત કર્યા પછી બીજા પાસાના પ્રત્યાઘાતો અને માન્યતાઓ અંગે પણ વિપરિત અનુભવો જાહેરમાં આવ્યા છે, તે અંગે પણ જાણીએ; *આગામી અંકમાં...*

---

**સર્જનહારનું સર્જન** –*ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

જીવનની મજા ધારેલું-ઈચ્છેલું મેળવવામાં હોય છે. બાળપણમાં નફિકરા થઈ વડના વાંદરાને પણ હેરાન કરી આવતા, અને આજે એ જ વાંદરો જ્યારે તરાપ મારી નહોરિયાં ભરી લેતો ત્યારે રડતા ઘરે આવતા. મમ્મી-પપ્પા પાસે સારવાર કરાવતા. આ ઝાડથી પેલા ઝાડની જેમ આ ઘરથી પેલા ઘેર સીધુસામાન લેવા પહોંચી જતા. કાચુ-પાકુ રાંધીને કેળના પાનમાં ખાવાની મઝા, પડોશીના ઘરો તો જાણે પોતાનાં જ ઘરો! છૂટથી આવન-જાવન કરવી, ખાવું-પીવું,મોજ-મસ્તીમાં બાળપણ ક્યાં વીતી ગયું? ન કશી ચિંતા, ન કશી ફિકર! કેવળ કુદરતી નિજાનંદ! એકબીજા પ્રત્યે નિ:સ્વાર્થ પ્રેમ, સેવાભાવી કુટુંબ તરફથી સતત પ્રેમની વર્ષા, પણ... આજનાં બાળકોનું જીવન ઘરની ચાર દિવાલો વચ્ચે ટીવી, કૉમ્પ્યુટર, સેલફૉન અને ગેમ્સની વચ્ચે ઘેરાયેલું રહે છે. સમયનો અભાવ છે, ભાવ કે ભાવના નથી. તેમને મન તો ઈલેક્ટ્રોનિક સિવાય બીજી દુનિયા જ જાણે નથી! જિંદગીના બોજ નીચે દબાયેલા માનવો કુટુંબને સાચવવા, નિભાવવા, ઘરને વ્યવસ્થિત કરવા 'સ્ટ્રેસ' લઈને આમતેમ દોડે છે. જાણે આભ તૂટી પડ્યું હોય તેમ ભાગદોડ વચ્ચે જીવનનો આનંદ વીસરી બેઠા છે. આપણે પોતે જ પોતાની ઝૂંસરી હળવી કરવા એક ડગલું આગળ ભરવાનું છે. જીવનની વ્યથાને આંસુથી પલાળવાને બદલે, કે 'સ્ટ્રેસ'માં રહ્યાને બદલે પ્રભુનો સહારો લઈએ! ગીતશાસ્ત્ર 55:22 *'તારો બોજો યહોવાહ પર નાખ, એટલે તે તને નિભાવી રાખશે.'* કારણ, માથ્થી 11:30 *'મારી ઝૂંસરી હલકી છે.'* સૌનો સંગ અને સહકાર લઈને પ્રભુની બનાવેલી આ સુંદર દુનિયા નિહાળીયે!

ગીતશાસ્ત્ર 19:1 'આકાશ દેવનું ગૌરવ પ્રસિધ્ધ કરે છે અને અંતરિક્ષ તેના હાથનું કામ દર્શાવે છે.' અમેરિકા જેવા દેશમા6 જ્યાં જુઓ ત્યાં પહોડોની વચ્ચે લીલાંછમ જંગલો, હળિયાળી વનરાજીથી જાણે લીલીચાદર બિછાવી સુંદરતાને ચાર ચાંદ લગાડ્યા હોય! એવું જ એરિઝોનાની ગ્રાન્ડ કેન્યનની ખીણોનું દ્રશ્ય હ્રદયને આનંદથી ભરી દેતા મનોરમ્ય દેખાવો, માઈલો સુધી વિસ્તરતી નદીઓ, જાતજાતની વનસ્પતિ, પાઈનના વૃક્ષની હારમાળા રણના પ્રદેશને સુંદરતાથી ભરી દે છે! જંગલી પ્રાણીઓ, ખિસકોલીઓ, જાતજાતના માઉન્ટન લાયન,હરણ, રેટલ્સ્નેક, સુંદર બ્લ્યુ પક્ષીઓ, રીંછ અને શિયાળ, વગેરેથી ભરપૂર જંગલ કુદરતની અજાયબી સમાન છે. એક તરફ ઊંચા પહાડો તો બીજી તરફ ઊંડી ખીણો વચ્ચે નયનરમ્ય નજારો દિલોદિમાગને ભરી તરોતાજા કરે છે. કુદરતની સુંદરતા જોઈને 'ભજન સંગ્રહ'નું ગીત 12*: 'પ્રભુદેવનાં ગાઓ ગાન, ત્રાતાનું સુણાવો માન, તેના હાથમાં છે ઊંડાણ, તથા પહોડોનાં મંડાણ.'* યાદ આવી જાય. નેશનલ પાર્ક પ્રાણી-વનસ્પતિની ઐતિહાસિક ભૌગોલિક ઓળખ, જે કુદરતી સૌંદર્યની અનોખી ભેટ પ્રભુએ આપી છે! સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનાં સુંદર દૃશ્યો સુવર્ણમય રીતે પ્રસ્તુતિ કરીને કુદરતની આ સુંદર ભવ્યતા ભાવિ પેઢી સુધી ટકી રહો! યુથાહ, કોલોરાડો અને ન્યુ મેક્સિકોની સીમાઓની તળેટીઓ હજારો ફૂટ ઊંચા પહાડો, રણ વિસ્તાર્નીં સૂકી હવા, પુષ્કળ તાપ, ને તે છતાં હ્રદયને જે આનંદ આપતી પ્રભુની અનોખી રચના માનવની કલ્પના બહારનું ઉડ્ડયન! સુંદર મોટા કુદરતી ખડકોમાંથી બનતી આકૃતિઓ, માનવીય ભૌમિતિક રચનાઓને તો ક્યાંય બાજુમાં મૂકી દે તેવી સર્જનહારની સર્જકતાની કરામત

જોઈને ભજન સંગ્રહનું ગીત 464 *'આપણી ચોગમના શુભ દાનો આકાશેથી આવે છે, તેથી પાડ પ્રભુનો માનો, કારણ કે તે પ્રીતિ છે.'*

ગ્રાન્ડ કેન્યનની સુંદરતા તેના પથરીલા 'લેયરો' જે બે બિલિયન વર્ષોથી પણ જૂના છે, જે જોઈને આંખો પણ ઝપકવાનું નામ નથી દેતી! દરિયાની સપાટી ઊંચી-નીચી થાય, તેને પરિણામે ભૌગોલિક રચના, કે જે પ્રભુએ સર્જી છે જેને માનવ કદીપણ સજાવી શકે નહીં. અવસર મળે તો સમય કાઢીને ઈશ્વરસર્જિત આ વર્ષો જૂની ખીણો જોઈને ઈશ્વરની દેનને જરૂર માણીએ અને પ્રભુનાં ગણગાન ગાઈએ. ખીણો અને પહાડોની વચ્ચે અવકાશમાં ફૉન અને ઈન્ટરનેટ જેવાં ભૌતિક સાધનોથી દૂર કુદરત અને પ્રભુનું મૂલ્યાંકન કરીને પ્રભુની આભારસ્તુતિ જરૂર કરીએ. તેના અસ્તિત્વ અને આપણાં જીવનો તરફ જોઈએ,અને આવાં કુદરતી સર્જનો પ્રભુની અણમોલ ભેટનો ઉપભોગ કરવા પ્રભુએ આપણને તક આપી છે, તો પ્રભુને વંદીએ! માર્ક 1:15 'દેવનું રાજ્ય પાસે આવ્યું છે, પસ્તાવો કરો!'-વચનો જ નવા જીવન તરફ આપણને દોરે છે. પ્રભુની મહાનતા આગળ આપણું પામર મનુષ્યત્ત્વ તેના શરણોમાં અર્પણ કરીએ,તેનું ભજન કરીએ! જ્યાં ભોમિયો શોધ્યોય ન જડે તેથી કવિશ્રી ઉમાશંકર જોશીએ ગાયું છે કે,

'ભોમિયા વિના મારે ભમતા ડુંગરા, જંગલની કુંજ કુંજ જોવી હતી,
જોવીતી કોતરો ને જોવીતી કંદરા, રોતાં ઝરણાંની આંખ લો'વી હતી.'

કવિ પાસે તો ભોમિયો ન હતો, પણ આપણો ભોમિયો તેનાં-પ્રભુનાં વચનો સાથે હાજરાહજૂર છે! માનવી અને અદભૂત સુંદરતાનો અકલ્પ્ય સંગમ માણવા ઘણાં સહેલાણીઓ આવે છે. ધન્ય હો આપણા સર્જનહારને કે આપણા માટે આ સુંદર સૃષ્ટિનું સર્હન કર્યું! આભાર!

**સ્વતંત્ર વ્યક્તિ** –*જોઈસી જોવેટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

*"જો કોઈ મારી પાછળ આવવા ચાહે...તેણે પોતાનો વધસ્થંભ ઊંચકી મારી પાછળ ચાલવું."* માથ્થી 16:24 આ વચન વધસ્થંભનું ક્રૂર મરણ સહેનાર દેવપુત્ર પ્રભ ઈસુ ખ્રિસ્ત ધ્વારા ઉચ્ચારાયેલું છે. 'સ્વ'નો નકાર જે કરી શકે, ફક્ત 'સ્વ'નું હિત નહિ, પણ બીજાનું પણ હિત જોનાર તથા ઈશ્વરને ગમે એ સમજી ઈશ્વરેચ્છા પૂરી કરનાર વ્યક્તિ જ મનની ઈચ્છાઓ પર કાબૂ રાખી શકે છે.

નીતિવચન 16:32માં મહાન જ્ઞાની રાજા સુલેમાન કહે છે કે, *"જે પોતાના મિજાજને (વલણ) કાબૂમાં રાખે છે, તે શહેર જીતનારના કરતાં ઉત્તમ છે."*

આજના બદલાતા યુગમાં સ્વાતંત્ર્યનો અર્થ બદલાઈ ગયો છે. બેફામપણે વર્તવું, ફાવે તેવાં કઢંગાં વસ્ત્રો પહેરવાં, માતાપિતા, વડીલો તથા શિક્ષકોનું અપમાન કરવું, 'સ્વ'ને પ્રાધાન્ય આપીને બીજાને ઉતારી પાડવા, એમાં લોકો ગર્વ લેતા થઈ ગયા છે. બીજી વ્યક્તિના પગ ખેંચવા, ટીકા કરવી, મશ્કરી કરવી, એમાં લોકો આનંદ કરતા જોવા મળે છે. હમણાં થોડા દિવસ પહેલાં જ ટી.વી. ન્યુઝ ચેનલ ધ્વારા એક વિડિયોક્લીપ જોવા મળી. એમાં એક આધેડ વયની, ભારે શરીર ધરાવતી, સ્કૂલબસ મોનિટરને સ્કૂલના ટીનેજર વિદ્યાર્થીઓ પરેશાન કરતા દર્શાવાયા. સતાવનાર વિદ્યાર્થીઓ પોતાની દાદીમા સમાન સ્ત્રીને 'જાડી', 'નકામી', 'તને કોણ સ્પર્શે', વગેરે વગેરે બોલીને પાછલી સીટ પરથી વાળ ખેંચતા, ચોપડી ધ્વારા તેના શરીર સાથે અડપલાં કરતા જોવા મળ્યા. આ આધેડા વયની સ્ત્રી મૂંગે મોઢે અત્યાચાર સહન કરતી તથા આંસુ સારતી જોવા મળી, જે દેખીને દુ:ખ થયું. ઘણાં લોકોને આ જોઈને આંખમાં આંસુ આવી ગયાં. આજે કોની સાથે કેવો વર્તાવ કરવો, શું બોલવું, કેમ બીજાને હાની પહોંચાડવી, એ બધું સહજ થઈ ગયું છે. મુક્ત વ્યવહાર કરવો, એવી સ્વતંત્રતા બહાદુરી નહિ, પણ કાયરતા છે. એ તો સારું હતું કે એક સજ્જન-બાહોશ વિદ્યાર્થીએ આવા વાતાવરણ મધ્યે રહી વિડિયો ઉતારવાની હિંમત કરી.

ઉપલા પ્રસંગમાં બે પ્રકારની સ્વતંત્રતા જોઈ શકાય છે. એક પ્રકારની મનોવૃત્તિ સ્વતંત્રતાનો દુરુપયોગ કરી સ્વાતંત્ર્યને અભડાવી રહી છે. જ્યારે બીજા પ્રકારની મનોવૃત્તિ હિંમતપૂર્વક દુરાચાર ભોગવતી લાચાર વ્યક્તિ માટે સહાનુભૂતિ દર્શાવે છે.

મિત્રો, તમને બધું જ કરવાની છૂટ અને સ્વતંત્રતા છે. આ દેશમાં તો બોલવાની, કોઈપણ ધર્મ પાળવાની, ધંધારોજગારની , દરેક સ્ટોરોમાં જઈને ખરીદવાની તથા હોટલોમાં જઈને ખાવાની છૂટ છે. એ બધું સારું છે, પણ શિસ્ત તથા લાગણીરહિતનો સ્વતંત્ર માણસ ખતરનાક બની બીજાને રંજાડે કે હાનિ કરે એ નૈતિક ગુલામી અવસ્થા છે. ગુલામ વ્યક્તિ કઠપૂતળીની જેમ માંહ્યલામાં રહેલા શેતાનને આગળ કરે છે. પરંતુ માનવી જો પ્રભુમું ભય રાખનાર હોય તો શેતાનને પ્રાધાન્ય આપવાને બદલે, ઈશ્વરને શું પસંદ હશે, એ વિચારી કાર્ય કરશે. ઈશ્વરે માનવીને સ્વપ્રતિભા તથા સ્વરૂપમાં સર્જ્યો છે. તો એ સરજનહાર ઈશ્વરનાં લક્ષણો આપણે પ્રગટ કરવાનાં છે. માણસ ગમે તેટલો જ્ઞાની હોય પણ જો તેનામાં ડહાપણ નથી, તો તે શેતાનનો ગુલામ બની શકે. જ્ઞાન તથા ડહાપણનો તફાવત જાણો. જ્ઞાન ધ્વારા હાનિકારક તથા કામમાં આવી શકે તેવી વસ્તુઓની શોધ થાય. ઘણીવાર જ્ઞાન ધ્વારા બનાવાયેલી વસ્તુઓ માનવ જીવન તથા જીવમાત્રનો ધ્વંશ કરી શકે. દા. ત. બૉમ્બ બનાવવા જ્ઞાન જરૂરનું, પણ ડહાપણ ધરાવનાર માનવી જીવનને હાનિકારક વસ્તુઓ બનાવવાને બદલે જીવસૃષ્ટિ માટે ફાયદાકારક શોધખોળ કરે છે.

સ્વાતંત્ર્યનો ઉપયોગ જીવનસંહાર ન કરતાં, જીવનનો ઉત્કર્ષ કરનાર શોધ કરવા માનવી જ્યારે સમજતો થશે ત્યારે જ એ સાચો સ્વતંત્રજન બની શકશે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે ગિરિપ્રવચનમાં સુંદર વાક્ય કહ્યું છે, *"તમે તમારું અજવાળું લોકો સમક્ષ એવું ફેલાવો કે જેથી તેઓ તમારાં રૂડાં કામ જોઈ આકાશમાંના તમારા પિતાની સ્તુતિ કરે.."* રૂડાં કાર્યો ધ્વારા તમે આકાશીપિતાનો મહિમા કરો!

**બાઈબલ સ્ટડી-મે-જૂન-2012ના સાચા જવાબો:-**

૧) નિર્ગમન ૯"૨૯ પૃથ્વી ૨) સર્વ જન્મેલા માણસ તથા પશુ નિર્ગમન ૧૩:૨
૩) જમીન, લેવિય ૨૫:૨૩ ૪) ભૂમિની સર્વ ઉપજ લેવીય ૧૭:૩૦
૫) પૃથ્વીની સર્વ ઢાલો ગીતશાસ્ત્ર ૪૭:૯
૬) અરણ્યનું દરેક પશુ તથા ડુંગર પરના જાનવર, ગીતશાસ્ત્ર ૫૦:૧૦
૭) સર્વ જીવો, હખક્યિલ ૧૮:૪ ૮) નદી પ્રભુની, હઝકિયેલ ૨૯:૯
૯) તમે મારાં ઘેટાં, મારા ચારાનાં મેંઢાં, હઝકિયેલ ૩૪:૩૧
૧૦) પૃથ્વી તથા તેનું સર્વસ્વ, ગીતશાસ્ત્ર ૨૪:૧
૧૧) આકાશો તથા પૃથ્વી, ગીતશાસ્ત્ર ૮૯:૧૧

**બાઈબલ સ્ટડી-મે-જૂન-2012ના સાચા જવાબો આપનાર વિજેતા:-**

૧) ભાનુમતિ ક્રિસ્ટી-કેલિફૉર્નિયા, 2) સ્ટેલા મહેંદ્ર પરમાર-નોર્ત બર્ગન
૩) વીરબાળા પી. ક્રિશ્ચિયન-ન્યુ જર્સી ૪) વેલેન્ટાઈન ટેલર, ૫) માર્ગરેટ ક્રિસ્ટી-ફ્લોરિડા
૬) દયાબેન પરમાર. સૌ વિજેતાઓને "અ. ક્રિ. ન્યુઝ" તરફથી હાર્દિક અભિનંદન! "બાઈબલ" સ્ટડીમાં ભાગ લેનાર ડબલ લાભ મેળવે છે-શાસ્ત્ર વાચન ધ્વારા આત્મિક ખોરાક અને વિજેતા ધ્વારા વાચકોનાં અભિનંદન સાથે સુવાર્તા પ્રચારના સહભાગી! !

**બાઈબલ સ્ટડી-જુલાઈ-ઑગસ્ટ્ના સવાલ:**

**પ્રશ્ન ૧. નીચે આપેલાં વાક્યોમાં ___ખાલી જગ્યા પૂરો:**

રેફરન્સનાં પુસ્તકો: ગણના, ૧ કાળ વૃતાંત, ન્યાયાધીશ, ૧ શમુએલ.

૧. હવે તે માણસ ___ પૃથ્વીની પીઠ પરના સર્વ લોક કરતાં નમ્ર હતો.

૨. મારો સેવક ___ એવો નથી, તે મારા આખા ઘરમાં ___ છે. હું તેની સાથે મોઢેમોંઢ એટલે સ્પષ્ટ રીતે બોલીશ અને ભેદભરેલી વાતો વડે નહિ અને તે ___ સ્વરૂપે દેખાશે.

૩. હું તેઓને ___ મારીશ અને તેઓને બીંવતન કરી નાખીશ ને તેઓના કરતાંમોટી તથા બળવાન દેશજાતિ ___ ઉત્પન્ન કરીશ.

૪. પણ જો તમો એમ કરશો નહિ તો જુઓ યહોવાહની વિરુધ્ધ ___ કર્યું, અને નિશ્ચે જાણજો કે તમારું ___ તમને પકડી પાડશે.

૫. જે નગરો તમે લેવીઓને આપો તેઓમાં ___ આશ્રમ નગરો હોય ___ ત્યાં નાસી જઈ શકે માટે તે તમારે આપવા અને તે ઉપરાંત તમને ___ નગરો આપવા.

**પ્રશ્ન ૨. નીચેનાં વાક્ય કોણ બોલ્યુ? અને કોને કહ્યું?** (રેફરન્સ: ઉત્પત્તિ)

૧. અને તેણે કહ્યું, યહોવાહથી આશીર્વાદ પામેલો તું ઘેર આવ. બહાર કેમ ઊભો છે? કેમકે, મેં ઘર તથા ઊંટોને સારુ જગ્યા તૈયાર કરેલ છે.

૨. તારા પેટમાં બે કૂળ છે. ને તારા પેટમાંથી જ બે પ્રજાઓ ભિન્ન થશે. અને એક પ્રજા બીજી પ્રજા કરતાં બળવાન થશે, અને વડો નાનાનો દાસ થશે.

૩. આ દીકરીઓ મારી દીકરીઓ છે અને આ છોકરાંઓ મારાં છોકરાં છે. અને આ ટોળાં મારાં ટોળાં છે. ને જે સર્વ તું જુએ છે તે મારું છે. અને આ મારી દીકરીઓને, તથા તેઓ જે છોકરાં જણી છે તેઓને હું શું કરું?

૪. હવે જો હું તારી નજરમાં કૃપા પામ્યો હોઉં તો કૃપા કરીને મારા હાથથી મારી ભેટ સ્વીકાર; કેમ કે જાણે કે દેવનું મોં જોયું હોય તેમ મેં તારું મોં જોયું છે.

૫. પણ જો સુન્નત કરવા વિષે તમે અમારું ન સાંભળો તો અમે અમારી કન્યાને લઈને ચાલ્યા જઈશું.

* "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ને દાન આપનાર નીચેના દાતાઓનો હાર્દિક આભાર!:
૧. સેમ્સન મેકવાન-$20.00,૨. સુનાલિની મેકવાન-$40.00,
૩. માર્ગરેટ ક્રિસ્ટી-$20.00, ૪. નયન વ્યાસ-$20.00, ૫. જોયસી ક્રિશ્ચિયન-$20/

* ન્યુ ડૉવર મેથોડિસ્ટ ચર્ચના પાસ્ટર રેવ. ડેરિલ ડ્યુઅર સળંગ ૯ વર્ષની સર્વિસ બાદ ૧ વર્ષની રજા લઈ કેલિફૉર્નિયા ગયા છે. ઈશ્વરબાપ તેમને અને તેમના કુટુંબને સંભાળી રાખે. તેમની બદલીમાં રેવ. વિજયકુમાર ન્યુ ડોવર મેથોડિસ્ટ ચર્ચમાં આવ્યા છે. જુલાઈ ૧, ૨૦૧૨થી ચાર્જ સંભાળી લીધો છે.

* જૂન ૯મીને શનિવારે ગુજરાતી ભાઈબેનોની પીકનીક રાખી હતી. ઘણાં કુટુંબોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પીકનીકમાં આખો દિવસ આનંદમાં પસાર કર્યો હતો.

* ૩૦ જૂન, ૨૦૧૨ના રોજ ન્યુ ડૉવર ચર્ચમાં આવતા ગુજરાતી ક્રિશ્ચિયન ભાઈબેનોએ પીકનીક યોજી હતી.

* ભારતમાં મેથોડિસ્ટ મંડળીમાં ૪ બિશપો ચૂંટાયા, જેમાં ૨ મહારાષ્ટ્રીયન, ૧બંગાળી અને ૧ ગોવામાંથી સાઉથ ઈન્ડિયન છે.

* ગુજરાતમાં C.N.I. મંડળીના ૧ બિશપની ચૂંટણી થનાર છે. ઉમેદવારો ઘણા છે. રિઝલ્ટ આવ્યું નથી. આ વર્ષે બિશપ માલવિયા સાહેબ રિટાયર્ડ થાય છે.

* ફાધર્સ ડે નિમિત્તે "ગુજરાતી ક્રિશ્ચિયન સીનિયર સીટીઝન" ના ઉપક્રમે માણેલી પીકનીક જૂન 23 2012ની સુંદર પ્રભાતે 'લીબર્ટી સ્ટેટ પાર્ક' જર્સી સીટી ખાતે પીકનીકનું આયોજન કર્યું હતું. વાઈસ પ્રેસીડેન્ટશ્રી રાવજીભાઈએ સભાનું સંચાલન કરીને ભક્તિગીતો ગવડાવી પ્રાર્થનાથી શરૂઆત કરી હતી. સંસ્થાનાં પ્રમુખ શ્રીમતી ઈલા જોબર્ટે 'ફાધર્સ ડે'ની શુભેચ્છા પાઠવી આ દિવસ યહોવાહે આપ્યો છે તેમાં આનંદ મેળવવા સૌને અનુરોધ કર્યો હતો. વડીલશ્રી ગેરશોમ ટેલરની હાજરીને સૌએ બિરદાવી હતી. શ્રી મહેન્દ્રભાઈ પરમારે જગતના સફળ પિતા-નિષ્ફળ પિતાઓ વિષે "બાઈબલ"નાં ઉદાહરણો આપીને સમજ આપી હતી. શ્રીમતી એન્જેલીનાબેને તેમના પિતા અને પ્રભુપિતાનો આભાર માન્યો હતો. એસ્તરબેન, હેમિલ્ટનભાઈ, જોયસીબેન જોવેટ,નીલાબેન, રાજુભાઈ, રીટાબેન જખાર્યા, જોઈસબેન જોયલભાઈ, રોબીનભાઈ, ચંદ્રીકાબેન, મેબલબેન, સ્ટેલ્લાબેન, તથા તેમનાં કુટુંબીજનોએ રાઈડ આપીને સહકાર આપ્યો હતો. મ્યુઝીકલ ચેરના પ્રથમ વિજેતા રીયા અને બીજા નંબરના ચંદ્રીકાબેન તથા ચિઠ્ઠી નાખીને ડ્રોમાં નીલુબેન, મહેશભાઈ તથા રોબીનભાઈને ઈનામો આપ્યાં હતાં, શ્રી મહેન્દ્રભાઈને વિશેષ ઈનામ આપ્યું હતું. હાજરી આપેલ સૌ પરિવારોએ તૈયાર કરી લાવેલ વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ માણ્યો હતો. અંતકડી, જૉક્સની રમઝટ સાથે કાર્યક્રમ સફળાથી સંપન્ન થયયો હતો.

* સુસમાચાર મિશન ફોર એશિયાની મિટિંગ: શિકાગોથી ડો. રેવ. જોન રાઠોડ સાહેબ અને તેમનાં પત્ની પૂર્ણાબેને જર્સી સીટી ખાતે શ્રી જસ્ટીન ક્રિશ્ચિયનના નિવાસે મિટિંગ શ્રી રાવજીભાઈના પ્રમુખપણા હેઠળ મળી હતી. જુલાઈ 8, 2012ના સાંજના પાંચ વાગે ઘણાં ભાઈબેનોની હાજરીમાં શ્રી રાઠોડ સાહેબે સુવાર્તાના કાર્ય અંગે માહિતી આપી હતી. હૉસ્ટેલની બાળાઓને સીવણ વર્ગ, ડે કેર સેન્ટરોમાં સહાય, કેળવણી અને અન્ય મિશનરી કાર્યો કરતી સંસ્થા "સુસમાચાર મિશન ફોર એશિયા"ની પ્રવૃત્તિઓ જણાવી મનનીય સંદેશ આપ્યો હતો. હાજર રહેલ ભાઈબેનોએ સંસ્થાને સારું દાન આપ્યું હતું. જસ્ટીનભાઈએ જલપાન કરાવ્યા બાદ મિટિંગ પૂરી થઈ હતી.

* તા. 12 જુલાઈ, 2012ની સંધ્યાએ શ્રીમતી જોયસ જોયલ ક્રિશ્ચિયનના 'પ્રેયર હાઉસ' ખાતે ડો. રેવ. જોન રાઠોડ સાહેબે "સર્વત્ર જઈ પ્રભુના પ્રેમની સાક્ષીની વાત" ધ્વારા સેવા સાથે પ્રભુના અસિમ પ્રેમની સુંદર રીતે વાત કરી હતી. 'પૉટ્લૉક' ડિનર બનાવી લાવી બેનોએ સૌને જમાડ્યા હતા. હોબોકન, ટેક્સાસથી જેસીબેન અને પુષ્પાબેન ફૉન પર પ્રાર્થન કૉન્ફરન્સમાં જોડાયાં હતાં. નોર્થ બર્ગન, જર્સી સીટી, યુનિયન સીટીથી ભાઈબેનોએ રહીને મિટિંગમાં ભાગ લીધો હતો- *માહિતી સૌજન્ય: ઈલા જોબર્ટ*

* જોયલ મરચંટના ભાઈ શ્રી પમુએલ અને કલીના દીકરા એરિક્નાં લગ્ન જુલાઈ 12, 2012ના રોજ ધામધૂમ રીતે સંપન્ન થયાં. નવ દંપતી એરિક મરચંટ અને તાન્યા સેઠીને "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" અભિનંદન પાઠવે છે. પ્રભુપિતા નવાં પતિ-પત્નીના લગ્ન સંસારને સુખ-સમૃધિ બક્ષે તેવી હાર્દિક પ્રાર્થના!

* "ગ્રીનકાર્ડ" ધરાવનાર જ્યારે "યુએસ સીટીઝનશીપ" સ્વીકારે તેઓએ પોતાનો "ઈન્ડિયન પાસપૉર્ટ" 'કેન્સલ' કરાવવો ફરજિયાત છે. આ "ઈન્ડિયન કૉન્સ્યુલેટ'નો કાયદો અમલમાં છે. **"યુએસ સીટીઝનશીપ" સ્વીકાર્યા તારીખથી 90 દિવસની અંદર** "ઈન્ડિયન પાસપૉર્ટ" 'કેન્સલ' ન કરાવનારને વધારાનો દંડ ચૂકવીને "ઈન્ડિયન પાસપૉર્ટ" કરાવવો જ પડે.

* "ઈન્ડિયન પાસપૉર્ટ" કેન્સલ કરાવ્યો હોય તો જ "યુએસ સીટીઝનશીપ" સ્વીકારનારને "ઈન્ડિયા" જવા માટે વિઝા મળી શકે.

* "ગ્રીનકાર્ડ" ધરાવનાર "યુએસ સીટીઝનશીપ" સ્વીકાર્યા પછી "ઈન્ડિયા"નું **OCI મેળવવું ફરજિયાત નથી.** "યુએસ સીટીઝનશીપ" સ્વીકારનાર વિઝા મેળવીને પોતાના "અમેરિકન પાસપૉર્ટ" ઉપર "ઈન્ડિયા" જઈ શકે છે.

* OCI મેળવનારે "ઈન્ડિયા" જવા વિઝા લેવાના રહેતા નથી.

---

અમેરિકાની સુપ્રિમ કોર્ટે તા. 28 જૂન, 2012ના રોજ *"Affordable Care Act"*ને લીલી ઝંડી આપીને હેલ્થ ઈન્સ્યોરન્સ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનને કાનૂની દરજ્જો આપવાનો માર્ગ મોકળો કરી દીધો છે. છતાં હજીપણ નવેમ્બર 2012માં થનાર અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીના પરિણામ ઉપર "એફૉર્ડએબલ કેર એક્ટ"નું ભાવિ નક્કી થશે. જ્યારે પણ આ કાયદો અમલમાં આવશે (ઘણું કરીને 2014માં) ત્યારે અમેરિકાના બહુજનસમાજને તેની તત્કાલિન અને દીર્ઘકાલિન અસર પડશે. નવો કાયદો તેના નામ *"Affordable Care"* મુજબ 'પરવડે તેવી આરોગ્ય સંભાળ' હશે, કે જે આવક મુજબ દરેકને પોસાય તેવા માસિક પ્રિમિયમ હોય તેવા હેલ્થ ઈન્સ્યોરન્સ હશે. "એફૉર્ડએબલ કેર એક્ટ"-કાનૂન સંબંધી સને 2014થી થનાર કેટલીક અસરો અંગે જાણીએ;

* સને 2014થી યુએસએમાં વસતા હેલ્થ ઈન્સ્યોરન્સ નહીં ધરાવતા સૌને આ કાયદા મુજબ હેલ્થ ઈન્સ્યોરન્સના લાભ મળવાપાત્ર થશે.

* નવા કાયદા મુજબ દરેકે ફરજિયાત "હેલ્થ ઈન્સ્યૉરન્સ" લેવો પડશે.

* "હેલ્થ ઈન્સ્યૉરન્સ" નહિ લેવાનો હક પણ રહેશે, એટલે કે "ફરજિયાત હેલ્થ ઈન્સ્યૉરન્સ" લેવાની **ઈચ્છા ના હોય ના પણ લે,** પરંતુ "હેલ્થ ઈન્સ્યૉરન્સ" નહિ લેનારને સને 2014માં વાર્ષિક $95.00 પેનલ્ટી ચૂકવવી પડશે. આ પેનલ્ટી સને 2015માં વધીને $325.00 થશે, અને 2016માં $695.00 પેનલ્ટી ચૂકવવાની રહેશે. આ પેનલ્ટી ઊંચી વાર્ષિક આવક ધરાવનારના આવકના 2.5%ના દરે રહેશે, જેમકે, $75,000 વાર્ષિક આવક ધરાવનાર જો "ફરજિયાત હેલ્થ ઈન્સ્યૉરન્સ" લેવા ઈચ્છતા ન હોય તો આવકના 2.5% લેખે વાર્ષિક $1,600 પેનલ્ટી ચૂકવવી પડશે. આ પ્રકારની છૂટછાટ નાણાંકીય કરકસરથી લાભકારક પણ હોઈ શકે, અને નુકસાનકારક પણ થઈ શકે. જો હેલ્થ ઈન્સ્યોરન્સ ન લીધો હોય અને કદાપિ મેડિકલી ઈમર્જન્સીમાં હોસ્પિટલમાં દાખલ થવાનું બને તો તેવા હેલ્થ ઈન્સ્યોરન્સ વિનાના દર્દીના સારવાર ખર્ચ દર્દીએ જ ચૂકવવો પડે કે હોસ્પિટલના એડમિટ થયેલા દર્દી તરીકે "હેલ્થ ઈન્સ્યૉરન્સ" લઈ શકે?

* ફેમિલીમાં 26 વર્ષ અને તેથી ઓછી ઉંમરનાં સંતાનો માબાપના "હેલ્થ ઈન્સ્યૉરન્સ" માં કવર થશે.

* જો 26 વર્ષ અને તેથી ઓછી ઉંમરનાં સંતાનોને માબાપના "હેલ્થ ઈન્સ્યૉરન્સ"માં જોડવામાં નહીં આવે તો માબાપની વાર્ષિક આવક ઉપર ટેક્ષ પેનલ્ટી લાગશે.

* જો માબાપના "હેલ્થ ઈન્સ્યૉરન્સ"માં સંતાનોને જોડવાની સવલત નહીં હોય તો વધારે પ્રિમિયમ ચૂકવીને કોઈ એજન્સીનો "હેલ્થ ઈન્સ્યૉરન્સ" લેવો ફરજિયાત રહેશે.

* 26 વર્ષ કે તેથી ઓછી ઉંમરની વ્યક્તિ જો વાર્ષિક $16,000 જેટલી હશે તેમનું વાર્ષિક હેલ્થ ઈન્સ્યૉરન્સ પ્રિમિયમ $537 જેટલું રહેશે. અને વાર્ષિક આવક ઉપર ટેક્ષ ક્રેડિટ $2,853 મળવાપાત્ર હશે.

* જ્યારે 26 વર્ષ કે તેથી ઓછી ઉંમરની વ્યક્તિની મર્યાદિત વાર્ષિક આવક હશે તો હેલ્થ ઈન્સ્યૉરન્સ પ્રિમિયમ વાર્ષિક આવકના 2%થી વધુ નહીં હોય.

* 26 વર્ષની ઉંમરની વ્યક્તિની વાર્ષિક આવક જો $35,000 જેટલી હશે તો વાર્ષિક હેલ્થ ઈન્સ્યૉરન્સ પ્રિમિયમ $3,325 (માસિક $277) અને વાર્ષિક આવક ઉપર ટેક્ષ ક્રેડિટ $66 રહેશે.

* 30 વર્ષ અને તેથી ઓછી ઉંમરના તંદુરસ્ત યુવાવર્ગ માટે માસિક કે વાર્ષિક ઓછા પ્રિમિયમનો "હેલ્થ ઈન્સ્યૉરન્સ" મળવાપાત્ર હશે.

* મર્યાદિત આવક ધરાવતા 30 મિલિયન લોકોને "મેડિકેઈડ" હેલ્થ ઈન્સ્યોરન્સ મળી શકશે, જે ઘણો મોટો ફાયદો હશે.

* વાર્ષિક આવક નેશનલ ગરીબીરેખાના 133% મુજબ સને 2014માં વાર્ષિક આવક $14,856 કે તેથી ઓછી હશે, તેઓ "મેડિકેઈડ" મેળવી શકશે.

* વાર્ષિક આવક નેશનલ ગરીબીરેખાના 138% મુજબ સને 2014માં ચાર મેમ્બરોવાળા ફેમિલીની $31,809 હશે તે ફેમિલી Medicaid Health Insurance મેળવવાપાત્ર ગણાશે, જ્યારે સિંગલ વ્યક્તિની વાર્ષિક આવક $15, 415 હશે તે પણ Medicaid Health Insurance મેળવવાપાત્ર ગણાશે.

* જો વાર્ષિક આવક ગરીબીરેખા 133%થી પણ 400% એટલે વધુ $44,680 જેટલી ઊંચી હશે અથવા તો કુટુંબમાં ચાર જણ હોય અને વાર્ષિક આવક $92,200 જેટલી હશે તો, અને તેવી ફેમિલી પાસે જોબ આધારીત "એફોર્ડએબલ હેલ્થ ઈન્સ્યોરન્સ" નહીં હોય તો તે ફેમિલીને "હેલ્થ ઈન્સ્યોરન્સ" ખરીવા ફેડરલ ગવર્મેન્ટ તરફથી સહાય મળશે.

મે, જૂન, જુલાઈ અને **ઑગસ્ટ 2012 વિઝા બુલેટીન**

| ફેમિલિ કેટેગરી | મે-12 | જૂન -12 | જુલાઈ-12 | **ઑગસ્ટ-12** |
|---|---|---|---|---|
| **F-1** | 01 May-05 | 22 June 05 | 08 Jul. 05 | **01 Aug 05** |
| **F-2 A** | 15 Nov-09 | 01 Jan 10 | 15 Feb 10 | **15 Mar-10** |
| **F-2 B** | 22 Feb-04 | 15 April 04 | 01 May 04 | **22 June 04** |
| **F-3** | 08 Mar-02 | 01 April 02 | 15 Apr 02 | **01 May 02** |
| **F-4** | 01 Dec-00 | 08 Jan 01 | 22 Jan 01 | **15 Feb 01** |

**પાછળના ત્રણ મહિનાની વિગત એટલા માટે રજૂ કરી છે કે, પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે સમજીને વિઝા માટે અંદાજ કરી શકાય.**

ઉપરોક્ત કોઠા મુજબ **ઑગસ્ટ -2012ની વિઝાની વિગત** નીચે મુજબ છે:-

**F-1**-અમેરિકન સીટીઝનનાં અપરણિત સંતાનો-**01 August, 2005** ગયા માસથી **ફક્ત 24 દિવસ આગળ** વધી, એટલે આ કેટેગરી **કરંટ હોવા છતાં અતિ ધીમી** ગણાય.
(યુએસ સીટીઝનનાં પતિ/પત્ની, માતા/પિતા, અપરણિત સંતાનો આ કેટેગરીમાં)

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો-**15 March, 2010** (ગયા મહિનાથી **ફક્ત 18 દિવસ** આગળ ગઈ છે)

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને 21વર્ષથી વધુ ઉંમરનાં **(અપરણિત)** સંતાનો-**22 June, 2004** (ગયા મહિનાથી હવે **52 દિવસ આગળ વધી છે.**

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**01 May, 2002**
(આ કેટેગરી ગયા મહિનાથી **ફક્ત 16 દિવસ આગળ વધી** છે, ધીમી-અતિ ધીમી છે)

**F-4**–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**15 February, 2001**
(ગયા મહિનાથી આ ફાઈલ **ફક્ત 24 દિવસ આગળ વધી છે**, ખરેખર તો અગાઉ જ્યાં પહોંચી હતી, ત્યાંથી હજી **09 મહિના 02 દિવસ પાછળ** જ છે, તેથી અતિ ધીમી છે)

**આ મહિને F-2** B સિવાયની બધી **કેટેગરી ધીમી પડીને ફક્ત બે-ત્રણ વીક આગળ વધી છે, જેથી વધુ ધીરજ રાખવી.** uscis.gov વેબ સાઈટ ઉપર મુકાયેલી છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી. પોતાનાં બ્લડ રીલેશન-લોહીનાં સગાંની ફાઈલ **એપ્રુવલ તારીખે** ક્યારે પહોંચશે, તે વિઝા બુલેટીનથી જાણી શકાય. ઉપરોક્ત માહિતી વાચકોની વિનંતીથી રજૂ કરાય છે, પોતાનાં **સગાંની વિઝા ફી ચૂકવી હોય તો** બીજાં પેપરોની રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ રહેશે. બધી ફેમિલિ કેટેગરી ચાલુ જ છે, લોહીના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની ફાઈલ ચાલુ જ છે. **બંધ થઈ નથી.**

From:- AMERICAN CHRISTIAN NEWS

Community Paper soliciting your Co-operation

1. I.D. # 11-2917985 August 28, 1988
2. "Gujarati Christian Church"

17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804

**Phone # (732) 750-4064**

"યુએસ સીટીઝશીપ ગાઈડ"ની **ચોથી આવૃતિ** વધારાની કાયદાકીય ઉપયોગી માહિતી સાથે પ્રસિધ્ધ થઈ છે. **મોટા અક્ષર** અને ખાસ **તો ઈન્ટરવ્યુને ધ્યાનમાં રાખીને** ઈંગ્લીશ અને ગુજરાતીમાં તૈયાર કરેલી આ ગાઈડમાં **બીનજરૂરી વાચનબોજ નથી**, તેથી અમેરિકાનાં **50-પચાસે રાજ્યોમાં** ઘણી લોકપ્રિય છે. આ **ગાઈડ** અને **"ન્યુજર્સી ડ્રાઈવિંગ ગાઈડ"** પણ ઈઝલીન, ન્યુ જર્સીમાં "પટેલ વિડિયો", "બુટાલા એમ્પોરિયમ" (ફ્લશિંગ અને ન્યુયોર્ક) અને "ગુજરાત દર્પણ"ની ઓફિસેથી મળે છે. ગુજરાતી અરજદાર આ ગાઈડ મુજબ તૈયારી કરે તો **ઈન્ટરવ્યુમાં સહેલાઈથી પાસ થઈ જવાનો વિશ્વાસ** જાગે છે. $8.00નો ચેક કે મની ઑર્ડર **Josh Foundation** નામે લખીને 45cની **ચાર પોસ્ટ-સ્ટેમ્પ્સ** મૂકી, એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને ફોન નંબર સારા અક્ષરે અંગ્રેજીમાં લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલવાથી **10**–દસ દિવસમાં આપને મળી જશે. (આ ચેરીટી સંસ્થા હોઈ, ગાઈડની તમામ આવક દાન-ધર્માદા કાર્યોમાં વપરાય છે, જેથી $8.00ના બદલે ઉદાર દિલે $11.00-$100.00 સુધી કે તેથી વધુ રકમનો ચેક મોકલીને "જોશ ફાઉન્ડેશન"ના સેવાયજ્ઞમાં સહભાગી થશોજી! હવે ઘણાખરા $8.00ના બદલે ઉદાર દિલે $11-$100 અને તેથી વધુ દાન મોકલે છે, તે તમામ ઉદાર સખાવતીઓનો "જોશ ફાઉન્ડેડેશન" આભાર માને છે! અને દાતાઓને સુખ, સમૃધ્ધિ અને પ્રગતિ બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે! ("ન્યુ જર્સી ડ્રાઈવિંગ ગાઈડ", જે અંગ્રેજી-ગુજરાતીમાં છે, તે મંગાવવા ***$4.00*** *ઉમેરવા)* **સવારના 10 પહેલાં** અને સાંજના **7 પછી** ફોન કરવો નહિ.

Temple is a 6 letter word
**Church is a 6 letter word**
Mosque is also a 6 letter word
Geeta is a 5 letter word
**Bible is a 5 letter word**
Quran is also a 5 letter word
So, Religion is not a matter
The love we have only matters
A Lovely Logic for a beautiful Life
Never try to maintain relations in your life
Just try to maintain life in your relations
Always welcome the problems
Because problems give you dual advice
First, you know how to solve it
Second, you know how to avoid it in future

3 stages of Life:
Teen Age – Has time & energy – But no Money
Working Age – Has Money & Energy – But No Time
Old Age – Has Money & Time – But No Energy
We are very good Lawyers for our mistakes
Very good **Judge** for other's mistakes

**To,**